*Do something each day to bring you a little closer to your dreams.*


# SHREE KUTCHI VISA OSHWAL JAIN KHABAR PATRIKA

Thursday, 1st December 2016

www.kutchipatrika.org


*Never get too attached to anyone because attachments leads to expectations and expectations leads to disappointments.*



**Punadi** Na Panbai Keshavji Chheda U.Va. 75 Ta. 28-11-16na Avasan Pamel Chhe. Matushri Khetbai Karamashi Na Putravadhu. Keshavji Na Dharmapatni. Saroj, Mahesh, Vijay Na Matushri. Hina, Jyoti, Chhasara Na Vinod Premaji Na Sasu. Ishani Krina, Darshana, Sakshi na Dadi. Chirag, Charmi, Rajavi Na Nani. Manasi Na Nani Sasu. Ratanben Kanji, Purbai Premji, Zaver Popatlal Na Derani. Rukshmani Bhavanji, Hansa Jadavji Na Jethani. Tunbadi Na Maniben Kantilal, Tragadi Na Jayaben Nemchand Na Bhabhi. Punadi Na Gomiben Thakarshi, Punja Soju Na Dohitra Vahu. Mo. Asanbiya Na Sva. Bhanbai Ramji Pachariya Na Suputri. Sva. Hirji Pachariya Na Bhatriji. Bidada Na Purbai Devshi, Mo.A. Gangji, Talakshi, Kalyanji, Vallabhji Na Ben. Sundarben, Monghiben, Lakshmiben, Vanitaben Na Nanand. Chhasra Na Hemakunvarben Premji, Patri Na Chanchalben Vashanji, Merava Na Sushilaben (Kasturben) Vinod Na Vevan. Bidada Na Sva. Tokarashi Nathu, Na. Bhadiya Na Nenshi Murji Na Bhaneji. Pra. Shri Va.Stha.Jain Shra. Sangha Karasan Ladhu Nisar Hall, Dadar (West) Ta. 4 Thi 5.30. Ni. Keshavaji Karamashi Chheda, B/1, Goldan Park, Green Co.O.So., Khadakpada, Kalyan (West), 421301. Mo. 8080404183. Ghare Avavani Tasdi Levi Nahin.



**Punadi** Na Nutan Bhogilal Sangoi U.Va. 64 Avasan Pamya Chhe. Zaverben Hirji Thakarshi Na Putravadhu. Bhogilal Na Patni. Hemal, Nikhil Na Matushri. Morarji, Ravibhai, Khetbai Karamshi, Beraja Bhanbai Khimji, Tunbadi Kastur Chhaganlal Na Bhatrija Vahu. Sherdi Velbai Thakarshi Lalji Na Putri. Umarshi, Nanji, Kunvarji, Mulbai Khinyashi Ni Bhatriji. Hamala Manjal Khimji Tokarshi Ni Bhaneji. Mo. Asanbiya Umarshi Jethani Dohitra Vahu. Kundrodi Sundarben Manilal, Devpur Ranjan Shantilal, Sunita Dinesh Na Bhabhi. Kunal Na Ma. Rima, Akshay, Kavita, Sneha Na Mami. Navinbhai, Kantilal, Bhupendra, Mahendra, Atul, Mo. Asanbiya Kastur Nalin, Na. Khakhar Prafula Harshad Ramanikalal Na Ben. Aruna, Sushila, Lilavanti, Pragna, Jasmin, Damayanti Na Nanand. Chandani Kaushik, Jinal Rahul, Dipa, Drashti, Godhara Hemal Naresh, Na. Khakhar Bhadra Kiran, Lakhapur Jenish Pankaj, Rayan Rupala, Prashant, Vadala Jasmin Jayesh, Chhasra Nilima Mehul, Bada Bela Premal, Hathasani Dipti Mitesh Na Fui. Mota Asanbiya Priti Pulin, Nani Khakhar Dharmi Mihir Na Masi. Pra. Shri Va.Stha.Jain Shra.Sangha San. Karasan Ladhu Nisar Hall, Dadar. 12 Thi 1.30. Ni. Nikhil, 401, City Apartment, Plot-21, Sector-16, Koparkhairana-400709. Mo. 8080177256.



**Bambhdai** Na Premji Valji Chheda U. 59, 29-11-16 Heartfail Thi Avasan Pamel Chhe. Monghibai Valjina Putra. Gita Na Pati. Urvi, Tanvi Na Pita. Zaver, Lilavanti, Manilal, Kishor, Mukesh Na Bhai. Nilam, Chandan, Manisha Na Jeth. Sidhdhant, Pankit, Shubh, Sahil, Vidhi Na Bapa. Chiyasar Vilas Virji, Undoth Gangji Petharaj Na Sal. Sneha Nikhil, Hetal Jigesh, Kinjal, Shital Rushabh Na Mama. Lakshmibai Vershi, Sabhrai Hirbai Dhanji Na Bhatrija. Hirbai Rayashi Na Dohitra. Anandji Kalyanji, Vashanji, Dumra Lakshmiben Keshavji Na Mamai Bhai. Sabhrai Shamji, ¸Rukshmani Govindji, Banbhadai Mathabai Lakhamshi Na Bhanej. Kesar, Rajul, Sakarchand, Kanti, Bharat, Vasant Na Masiyai Bhai. Meghbai Ratanshi Na Dohitri Var. Damji, Kalyanji, Premji, Popat, Ramesh, Devkabai, Dhanbai, Jethibai Na Bhaneji Var. Godhara Kasturben Keshavji Na Jamai. Ketan, Mukesh Na Banevi. Sangita, Reshma Na Nandoi. Kinjal, Vinit, Meet Na Fua. Undoth Shamji Jivraj, Devpur Nenbai Virapar Na Bhanej. Mota Asanbiya Maniben Bhavanji, Merau Bhanbai Narshi Na Bhatriji Var. Bhojay Harakhchand Gada Na Mitra. **Prarthna Rakhel Nathi.** Ni. Premji Chheda, Sector-2, C/21, R. No. 103, Shantinagar, Mira Road (E.) 401107. Gita-9167608386.


**Are your "ACCOUNTS" still not UPDATED?**

Are your I.TAX / VAT / ROC / RETURNS NOT FILED YET? No Problem !! Only one name for all your Accounting Work - "ONTIME SOLUTIONS". We specialise in :

- COMPUTERISED ACCOUNTS WRITING TILL FINALISATION / INTERNAL ACCOUNTS SUPERVISION.
- ACCOUNTS WRITING CAN BE DONE AT YOUR OFFICE TOO BY VISITING YOUR OFFICE.
- BANK LOAN / OD FACILITY / PROJECT REPORT ETC.
- SERVICES OFFERED ALL OVER MUMBAI / THANE TILL VAPI. Reach us at : ONTIME SOLUTIONS PVT. LTD., Mulund (W.) Tel. No. 25900006 / 25900008. Website: www.ontime.co.in

| સૂર્યોદય - ૦૬.૫૭ | શ્રી કચ્છી વિસા ઓશવાળ જૈન | સૂર્યાસ્ત - ૫.૫૯ |
|---|---|---|
| આજની પત્રિકા ૨૦ પાનાની છે. ₹ 2/- | **ખબર પત્રિકા** ફક્ત સભ્યો માટે નંબર : ૬૪૬ | સંવત - ૨૦૭૩ માગસર સુદ - ૩ ગુરૂવાર તા. ૦૧-૧૨-૨૦૧૬ |

૨૨૬/૨૩૨, નરશી નાથા સ્ટ્રીટ, ભાતબજાર, મુંબઈ-૯. ફોન : ૨૩૪૬૮૫૨૮


**દરેક મરણ ખબરમાં લૌકિક વ્યવહાર બંધ છે.**

*"Three things can not be long hidden: the sun, the moon, and the truth."*


'સંપર્કનો સેતુ, સંઘ ભાવના એ જ હેતુ' • www.kutchipatrika.org




**બાંભડાઈ**ના પ્રેમજી વાલજી છેડા ઉ. ૫૯, ૨૯-૧૧-૧૬ હાર્ટફેઈલથી અવસાન પામેલ છે. મોંઘીબાઈ વાલજીના પુત્ર. ગીતાના પતિ. ઉર્વિ, તન્વીના પિતા. ઝવેર, લીલાવંતી, મણીલાલ, કિશોર, મુકેશના ભાઈ. નિલમ, ચંદન, મનીષાના જેઠ. સિધ્ધાંત, પંકિત, શુભ, સાહીલ, વિધિના બાપા. ચીયાસર વિલાસ વીરજી, ઉનડોઠ ગાંગજી પેથરાજના સાલ. સ્નેહા નીખીલ, હેતલ જીગેશ, કિંજલ, શીતલ ઋષભના મામા. લક્ષ્મીબાઈ વેરશી, સાભરાઈ હીરબાઈ ધનજીના ભત્રીજા. હીરબાઈ રાયશીના દોહીત્ર. આણંદજી કલ્યાણજી, વશનજી, ડુમરા લક્ષ્મીબેન કેશવજીના મામાઈ ભાઈ. સાભરાઈ શામજી, રૂક્ષ્મણી ગોવિંદજી, બાંભડાઈ મઠાબાઈ લખમશીના ભાણેજ. કેસર, રાજુલ, સાકરચંદ, કાંતિ, ભરત, વસંતના માસીયાઈ ભાઈ. મેઘબાઈ રતનશીના દોહીત્રી વર. દામજી, કલ્યાણજી, પ્રેમજી, પોપટ, રમેશ, દેવકાબાઈ, ધનબાઈ, જેઠીબાઈના ભાણેજી વર. ગોધરા કસ્તુરબેન કેશવજીના જમાઈ. કેતન, મુકેશના બનેવી. સંગીતા, રેશ્માના નણંદોઈ. કિંજલ, વીનીત, મીતના ફુઆ. ઉનડોઠ શામજી જીવરાજ, દેવપુર નેણબાઈ વીરપારના ભાણેજ. મોટા આસંબીયા મણીબેન ભવાનજી, મેરાઉ ભાણબાઈ નરશીના ભત્રીજી વર. ભોજાય હરખચંદ ગડાના મિત્ર. **પ્રાર્થના રાખેલ નથી.** નિ. પ્રેમજી છેડા, સેક્ટર-૨, સી/૨૧, રૂ.નં. ૧૦૩, શાંતિનગર, મીરા રોડ (ઈ.) ૪૦૧૧૦૭. ગીતા-૯૧૬૭૬૦૮૩૮૬.

4/1/1 --------- **(1-5)**



**પુનડી**ના નુતન ભોગીલાલ સંગોઈ ઉ.વ. ૬૪ અવસાન પામ્યા છે. ઝવેરબેન હીરજી ઠાકરશીના પુત્રવધુ. ભોગીલાલના પત્ની. હેમલ, નીખીલના માતુશ્રી. મોરારજી, રવિભાઈ, ખેતબાઈ કરમશી, બેરાજા ભાણબાઈ ખીમજી, તુંબડી કસ્તુર છગનલાલના ભત્રીજા વહુ. શેરડી વેલબાઈ ઠાકરશી લાલજીના પુત્રી. ઉમરશી, નાનજી, કુંવરજી, મુલબાઈ ખીંયશીની ભત્રીજી. હમલા મંજલ ખીમજી ટોકરશીની ભાણેજી. મો. આસંબીયા ઉમરશી જેઠાની દોહીત્રા વહુ. કુંદરોડી સુંદરબેન મણીલાલ, દેવપુર રંજન શાંતિલાલ, સુનીતા દિનેશના ભાભી. કુણાલના મા. રીમા, અક્ષય, કવિતા, સ્નેહાના મામી. નવિનભાઈ, કાંતિલાલ, ભુપેન્દ્ર, મહેન્દ્ર, અતુલ, મો. આસંબીયા કસ્તુર નલીન, ના. ખાખર પ્રફુલા હર્ષદ રમણીકલાલના બેન. અરૂણા, સુશીલા, લીલાવંતી, પ્રજ્ઞા, જસ્મીન, દમયંતીના નણંદ. ચાંદની કૌશિક, જીનલ રાહુલ, દિપ, દ્રષ્ટી, ગોધરા હેમલ નરેશ, ના. ખાખર ભદ્રા કિરણ, લાખાપુર જેનીશ પંકજ, રાયણ રૂપલ, પ્રશાંત, વડાલા જસ્મીન જયેશ, છસરા નિલીમા મેહુલ, બાડા બેલા પ્રેમલ, હથસણી દિમી મિતેશના ફુઈ. મોટા આસંબીયા પ્રીતી પુલીન, નાની ખાખર ધર્મી મીહીરના માસી. પ્રા. શ્રી વ.સ્થા.જૈન શ્રા.સંઘ સં. કરસન લધુ નિસર હોલ, દાદર. ૧૨ થી ૧.૩૦. નિ. નીખીલ, ૪૦૧, સીટી એપાર્ટમેન્ટ, પ્લોટ-૨૧, સેક્ટર-૧૬, કોપરખૈરના-૪૦૦૭૦૯. મો. ૮૦૮૦૧૭૭૨૫૬.

4/1/1 --------- **(1-5)**

**॥ નેત્રદાન માટે મૃત્યુબાદ તુંરત સંપર્ક કરો ॥**
**બહેના : મુંબ્રાથી વિક્રોલી, પવઈ-૯૯૩૦૦૫૯૧૦૧**



**પુનડી**ના પાનબાઈ કેશવજી છેડા ઉ.વ. ૭૫ તા. ૨૮-૧૧-૧૬ના અવસાન પામેલ છે. માતુશ્રી ખેતબાઈ કરમશીના પુત્રવધુ. કેશવજીના ધર્મપત્ની. સરોજ, મહેશ, વિજયના માતુશ્રી. હીના, જ્યોતિ, છસરાના વિનોદ પ્રેમજીના સાસુ. ઈશાની ક્રીના, દર્શન, સાક્ષીના દાદી. ચિરાગ, ચાર્મી, રાજવીના નાની. માનસીના નાની સાસુ. રતનબેન કાનજી, પુરબાઈ પ્રેમજી, ઝવેર પોપટલાલના દેરાણી. રૂક્ષ્મણી ભવાનજી, હંસા જાદવજીના જેઠાણી. તુંબડીના મણીબેન કાંતિલાલ, ત્રગડીના જયાબેન નેમચંદના ભાભી. પુનડીના ગોમીબેન ઠાકરશી, પુંજા સોજુના દોહીત્રા વહુ. મો. આસંબીયાના સ્વ. ભાણબાઈ રામજી પાચારીયાના સુપુત્રી. સ્વ. હીરજી પાચારીયાના ભત્રીજી. બિદડાના પુરબાઈ દેવશી, મો.આ. ગાંગજી, તલકશી, કલ્યાણજી, વલ્લભજીના બેન. સુંદરબેન, મોંઘીબેન, લક્ષ્મીબેન, વનીતાબેનના નણંદ. છસરાના હેમકુંવરબેન પ્રેમજી, પત્રીના ચંચલબેન વશનજી, મેરાવાના સુશીલાબેન (કસ્તુરબેન) વિનોદના વેવાણ. બિદડાના સ્વ. ટોકરશી નથુ, ના. ભાડીયાના નેણશી મુરજીના ભાણેજી. પ્રા. શ્રી વ.સ્થા.જૈન શ્રા. સંઘ કરસન લધુ નિસર હોલ, દાદર (વેસ્ટ) ટા. ૪ થી ૫.૩૦. નિ. કેશવજી કરમશી છેડા, બી/૧, ગોલ્ડન પાર્ક, ગ્રીન કો.ઓ.સો., ખડકપાડા, કલ્યાણ (વેસ્ટ), ૪૨૧૩૦૧. મો. ૮૦૮૦૪૦૪૧૮૩. ઘરે આવવાની તસ્દી લેવી નહીં.

4/1/1 --------- **(1-5)**

## સંસ્થાકીય મિટીંગ

**શ્રી પાર્શ્વચંદ્રગચ્છ જૈન સંઘ - મુંબઈ**

ઉપરોક્ત સંસ્થાની એક જનરલ સભા તા. ૧૮/૧૨/૧૬ રવિવારના બપોરના ૩.૦૦ વાગે ચેંબુર ઉપાશ્રયમાં નીચે મુજબના એજંડા રાખવામાં આવેલ છે.

- (૧) ગત મિનિટસનું વાંચન અને બહાલી
- (૨) હિસાબી વર્ષ ૨૦૧૫-૧૬ સુધીના ઓડીટ થયેલા હિસાબની રજુઆત અને બહાલી.
- (૩) હિસાબી વર્ષ ૨૦૧૬-૧૭ના માટે ઓડીટરની નિમણૂંક કરવા તેમજ તેનું મહેનતાણું નક્કી કરવા બાબત.
- (૪) પ્રમુખ સ્થાનેથી રજુઆત.
- દરેક ગચ્છવાસીઓને નમ્ર વિનંતી ઉપરોક્ત જનરલ સભામાં સમયસર પધારશો. હિસાબના ચોપડા તા. ૧૫/૧૨/૧૬ થી તા. ૧૭/૧૨/૧૬ સુધી ઓફિસના સમયમાં ચેંબુર ઉપાશ્રયની ઓફિસમાં સવારના ૧૦ થી ૧ વાગ્યા સુધી ખુલ્લા રાખવામાં આવશે. જેને પણ જોવા હોય તે જોઈ શકશે. હિસાબ અંગે કોઈપણ સવાલ હોય તો તા. ૧૮/૧૨/૧૬ ના સવારના ૧૦.૦૦ વાગ્યા સુધી લેખિતમાં આપવા વિનંતી.
- નોંધ : કોરમની શરતો લાગુ પડશે. અલ્પાહારની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.
- (જા.ખ. સૌજન્ય - માતુશ્રી મઠાબેન ખીમજી વોરા (મોટી ખાખર)
- લિ. શ્રી પાર્શ્વચંદ્ર ગચ્છ જૈન સંઘ - મુંબઈ (મંત્રીઓ).

2/1/1(58) ----------- **(A-9458)(1-5)**

**પરિવાર તરફથી સુધારો મિચ્છામિ દુક્કડ્મ**

તા. ૩૦/૧૧/૧૬ ના લાયજાની પ્રાર્થના સાદમાં ભુલચુકથી મેરાવાના ખેતબાઈ ખીમજીના બદલે પાનબાઈ ખીમજી લખાઈ ગયું છે. તે બદલ પરિવાર તરફથી મિચ્છામિ દુક્કડ્મ. લિ. પરિવારજનો.

2/1/1(36) ----------- **(A-9447)(1-5)**


**શ્રી ક.વિ.ઓ. દેરાવાસી જૈન મહાજન**
**શ્રી ક.વિ.ઓ. સ્થાનકવાસી જૈન મહાજન**

**KVO Sports Abhiyaan**




**'રોયલ અંતરા કચ્છી ઓલિમ્પીયા ૨૦૧૬' ના દાતા પરિવાર**

માતુશ્રી પ્રભાવતીબેન વલ્લભજી માલશી ગાલા
અંતરા પરિવાર (નાના આસંબીયા)
માતુશ્રી નિર્મળાબેન ઉમરશી લધાભાઈ ગંગર
રોયલ ડાયમંડ પરિવાર (નાગલપુર)

## LAWN TENNIS SCHEDULE

**3rd December 2016, Saturday**

| Venue | Age Group | Gender |
|---|---|---|
| NSCI SVP Stadium, Lala Lajpatrai Road. Worli, Mumbai-18. | GRP3 10-12 | Male |
| | GRP4 13-15 | Male |
| | GRP5 16-18 | Male |
| | GRP6 19-45 | Male |
| | GRP7 46-99 | Male |
| | 19-45 | Female |
| This groups are cancelled due to minimum number of participants. | GRP3 10-12 | Female |
| | GRP4 13-15 | Female |
| | GRP5 16-18 | Female |
| | GRP7 46-99 | Female |

## BADMINTON (Singles) SCHEDULE

**4th December 2016, Sunday**

| Venue | Age Group | Gender |
|---|---|---|
| KALIDAS Pavilion P. K. Road, Mulund (W) | 13-15 | Male |
| | 13-15 | Female |
| | 45-60 | Female |
| | 16-18 | Female |
| ANDHERI SPORTS COMPLEX | 19-45 | Female |
| 11th Dec., KALIDAS Pavilion | 19-45 | Female |

વધુ વિગતવાર માહિતી માટે વેબસાઈટ kvosports.org પર જોવા વિનંતી.

Detailed draw is availabe on kvosports.org

સંપર્ક : તુષાર ગાલા - ૯૨૨૩૨૦૮૬૯૯, વિકાસ વીરા - ૯૮૨૦૫૨૦૨૫૮

**(JYF) જૈન યુથ ફોરમ**
**સ્વકલ્યાણ થી સર્વકલ્યાણ**

આજે લિફ્ટનો ઉપયોગ બને ત્યાં સુધી ટાળવાનો પ્રયત્ન, અગર ન ટાળી શકાય (શારીરીક કારણે) તો અફસોસ કરીશ. (અગ્નિકાયનાં જીવોની દયા પાળવા)

● મારી ધારણા પ્રમાણે પચ્ચખાણ, ન કરેમિ, કાયસા તસ્સભંતે પડિક્કમામિ નિંદામી ગરિહામિ અપ્પાણં વોસિરામિ.

● વિપુલ 'મંજુલાબેન' મનસુખલાલ વોરા (ભુજ) ૭૭૭૮૮૧૩૮૪૨.

● જા.ખ. સૌજન્ય : માતુશ્રી શાંતાબેન ગાંગજી ગાલા (લારકીન્સ-મોખા)

3/1/1(5) --------- (A-9318)(8-6)

**વર્ષીતપના તપસ્વીઓની અનુમોદનાર્થે.**
**ગામ વાઈઝ નામો પ્રગટ થશે, વિશેષાંકમાં**

ક્ષમા-દર્શન દ્વારા પ્રકાશિત, અચલગચ્છાધિપતિ, પ. પૂ. આ. ભ. શ્રી ગુણોદયસાગર સૂરિશ્વરજી મ. સા.ના સુવર્ણ વર્ષીતપ નિમિત્તે... ગુરૂ-ગુણોદય સ્વર્ણિમ વર્ષીતપ વિશેષાંક પ્રગટ થશે. આ અંકમાં વર્ષીતપ કરનાર સૌ ભાઈ બહેનોના નામો, (ફોટો નહી) ત્રણ પેઢી, અટક, ગામનું નામ, એરિઆ વિગેરે ગામ પ્રમાણે પ્રગટ થશે. ઘણા બધા નામો આવી ગયા છે. એ બધા નામો ગ્રામ પ્રમાણે કોમ્પ્યુટરમાં ફીટ પણ થઈ ગયા છે. હજી પણ જેમણે નામો ન લખાવ્યા હોય તેઓ તા. ૫/૧૨/૧૬ સુધીમાં નીચેના ઈ-મેલ અથવા વોટસઅપ ઉપર મોકલી આપશો. (નામ ત્રણ પેઢી સુધી) જય - ૯૯૬૭૯૦૩૬૬૩, રિધ્ધી - ૯૦૨૨૬૭૪૨૫૦, ઈ-મેલ - ramanshethia@yahoo.com

● તા.ક. મુંબઈના સંઘમાં જો તપસ્વીઓની યાદી સંઘના મથાળા સાથે આપવી હોય તો ફોટા સાથે તો તે જાહેરાત રૂપે આપી શકશે. બાકી નામો બધા ગામ અને વાઈઝ આવશે, એરિઆ પણ લખાશે.

● પૂ. સાધુ-સાધ્વી ભગવંતોના ફોટા પ્રગટ થશે. તો હજી સુધી જેમણે ન મોકલ્યા હોય તો મોકલી આપશો.

● સંપર્ક : રમણ શેઠીયા - ૯૮૧૯૭૨૩૬૬૩.

2/1/1(63) ----------- (A-9474)(1-5)

**સ્પેશીયલ બેઝિક કુકીંગ ટ્રેનિંગ કોર્ષ**
**ગોધરા - માટુંગાના શીતલ છેડા સંગાથે**

A to Z Cooking. સાદી રસોઈથી કોન્ટીનેંટલ ફુડ. ૧૦૧ રેસેપી. સેલ્ફ કુકીંગ. દરેક વાનગીઓ પ્રેક્ટીકલી શીખવાડીશું.

● દાળ, ભાત, રોટલી, શાક, સુપ સ્ટાટર્સ, મુખવાસ, મીઠાઈ, પંજાબી, મેક્સીકન, ઈટાલીયન, ચાઈનીસ, સીઝલર્સ જેવી ફેન્સી વાનગીઓ. સાદી રસોઈથી કોન્ટીનેંટલ ફુડ.

● હોમ મેનેજમેન્ટ, બજેટીંગ, મેનુ, પ્લાનીંગ, ટેબલ એટીકેટસ, મેનર્સ.

● નવો બેચ ૩ ડિસે. થી બ. ૨.૩૦ થી ૫.૩૦. સં. શીતલ છેડા - ૯૮૧૯૯૪૨૫૯૯. SPICE - N - ICE.

2/1/1(44) ----------- (B-8875)(1-5)

**નખમાં પસ, પીડા પગના દુઃખતા કપાસીયા,**
**ચીરા, અલ્સર, મસાનો ઈલાજ**

દિયા હેલ્થ કેર સેંટરમાં નખની ચામડીનો ઝડપી ઈલાજ. રજીસ્ટ્રેશન ૧૫૦. ૧-૧૨, ૨-૧૨, ગુરૂ, શુક્ર. દિયા હેલ્થ કેર ત્વચા, લેઝર, કોસ્મેટીક સર્જરી સેંટર, ૧૦૨, બિલેશ્વર ટાવર, અતુલ ઈલેક્ટ્રોનીકસની ઉપર, પાંચ રસ્તા, જંકશન, મુલુંડ (વે.) સવારે ૯ થી ૧. સાંજે ૪-૭. ૦૨૨-૨૫૯૦૧૦૮૫/ ૯૮૨૦૭૪૮૮૪૦.

3/1/1(35) --------- (B-8865)(8-2)

**દેશ-વિદેશ કુરીયર 24*7**

ખાખરા, ચોરાફળી, નાસ્તા, લાડુ, કાજુકતરી, બધુ વિદેશમાં તો મળશે પણ મમ્મીના હાથનો સ્વાદ એમાં નહી હોય. ભારત જેવા મિઠાઈ ફરસાણની લિજ્જત બાળકો વિદેશમાં માણી શકે તે માટે કુરિયર કરવા અનુજ સંગોઈ (નાંગલપુર) ને ફોન કરો. Free Pick up Service PAC n DELIVER T. 39698399, M. 9323673747, anuj@pacndeliver.com, 20 Years of Quality Service.

2/1/1(25) ---------- (B-8856)(3-19)

**પૂ. જિતગુરૂના માંગલીકમાં જૈનો અજૈનો**
**ઉમટયા બે ટાઈમ સાધર્મિક ભક્તિ થઈ**

ક.આ.મો.પ.ના કચ્છ કેશરી પૂ.આ. પુનમચંદજી મ.સા.ના પટ્ટ શિષ્ય શાસન પ્રભાવક જીવદયા પ્રેમી પૂ. ગુરૂદેવ જિતેન્દ્રમુનિ કચ્છથી ઉગ્રવિહાર કરી ખુબ જ શાતાપૂર્વક ધારેલા સમયથી વહેલા પંચાસર પધાર્યા. બેસતા મહિનાનું મહામાંગલીક યોજાતા કચ્છ, ગુજરાત, મુંબઈ વિવિધ ગામોથી મોટી સંખ્યામાં જૈન, અજૈનો પધાર્યા ને જિતગુરૂની શાન વધારી. સર્વ ભાઈ-બહેનો માટે નવકારશી સાધર્મિક ભક્તિ થઈ જે ખુબ જ પ્રસંશનીય રહી અજૈન બાળકો સરસ પ્રોગ્રામ રજુ કર્યા જેમને સારા ઈનામો પ્રામ થયા. ૫૦ રૂપિયાનું સંઘ પુજન થયું એકંદરે પૂ.આ. પુનમગુરૂની દિવ્યકૃપાથી જય જયકાર થયું. વિશેષ માહિતી માટે ફોન કરો. મો. ૭૬૦૦૯૮૭૦૭૪, સેવાભાવિ રમેશભાઈ લી. ગુરૂભક્તો.

3/1/1(40) --------- (A-9452)(1-5)

**સમાઘોઘા મધ્યે વંડાવાળા અંબઈ માતાજીને**
**નમતા ભેદા નુખના ભાવીકોની સમુહ પહેડી**

ગામ સમાઘોઘા, મોટી ખાખર, પ્રાગપુર અને નાનાભાડીયા ના ભેદા નુખના ભાવીકોની સમુહ પહેડી તા. ૨૫-૧૨-૧૬ ને રવિવારના સવારના નવ વાગે પાયોનીયર સ્કુલ, ભાઉદાજી રોડ, માટુંગા (સે.રે.) મધ્યે યોજેલ છે. આ પહેડીનો સંપુર્ણ લાભ ગામ મોટી ખાખરના સમસ્ત ભેદા નુખના ભાવીકોએ લીધેલ છે. તો સર્વે ભાવીકો એ તથા નિયાણી બહેનોએ સહકુટુંબ સમયસર પધારવા ભાવભર્યુ આમંત્રણ છે. લી. ભેદાનુખના ભાવીકો વતી - શા. કલ્યાણજી લાલજી ભેદા પરિવાર ગામ મોટી ખાખર, શા. વેલજી રણશી ભેદા પરિવાર ગામ પ્રાગપુર. જય માતાજી, જય જખ્ખદાદા.

3/1/1(41) --------- (A-9453)(1-5)

**ઉગમ એકસપ્રેસ**
**આપના પ્રવાસને લકઝરીમાં પરિવર્તિત કરો...**

ડેઈલી સર્વિસ ઈનોવા એસી સાથે એલ.ઈ.ડી., વાય ફાય, મીનરલ વોટરની સુવિધા સાથે મુંબઈ-ભુજ, મુંબઈ-વાયા, અમદાવાદ, સામખિયારી, ભચાઉ, ગાંધીધામ, અંજાર. પ્રસ્થાન સમય : મુંબઈ થી સાંજે ૭.૩૦, આગમન સમય : સવારે ૭.૩૦ કલાકે ભુજ ખાતે, પીક-અપ : મુલુંડ, થાણા, બોરીવલી, વસઈ ફાટા.

● ટૂંક સમયમાં જ શરૂ કરી રહ્યા છીએ... બ્રાન્ડ નવી ૨×૧ એસી રોયલ સ્લીપર બસ (ઓશીકું, બ્લેન્કેટ અને મીનરલ વોટર સાથે) મુંબઈ ભુજ વાયા ચોટિલા, મોરબી સામખીયારી, ભચાઉ, ગાંધીધામ, અંજાર પ્રસ્થાન સમય : મુલુંડ થી બપોરે ૧.૦૦ કલાકે, આગમન સમય : સવારે ૯.૦૦ કલાકે ભુજ ખાતે. પીક-અપ : મુલુંડ, ઘાટકોપર, વિલેપાર્લા, અંધેરી, મલાડ, બોરીવલી.

● પાર્સલ સર્વિસ ઉપલબ્ધ.

● રીટર્ન કન્ફર્મ બુકીંગ ઉપલબ્ધ.

● આ સેવા તમામ ૧૨ મહિના માટે ઉપલબ્ધ.

● બસ ૧૪, ૧૭, ૨૫,૨૭, ૨૯, ૩૫, ૪૫, ૪૭ ૪૯, ૫૩ અને ૬૦ સીટર એસી/નોન એસી, ૨×૨, ૩×૨ સ્લીપર કોચ વોલ્વો અને સ્કેનીયા પણ ઉપલબ્ધ છે.

● ગુજરાત ટેકસ ભરેલ બસ.

● લગ્ન પ્રસંગ તથા લોકલ-આઉટ સ્ટેશન માટે પીકઅપ અને ડ્રોપ ફેસીલીટી માટે કાર ભાડા પર મળશે - સ્વિફટ, ડીઝાયર, ઈનોવા, ટ્રાવેરા, એર્ટીકા, ઝાયલો, ઈટિયોસ હોન્ડા સિટી.

● અમારા અન્ય દૈનિક બસ સેવા : અમદાવાદ, રાજકોટ, પાલીતાણા, ભાવનગર, સારંગપુર, અમરેલી.

● બુકીંગ માટે સંપર્ક : ઉગમ એકસપ્રેસ - ૮૪૫૪૮૦૫૫૧૧, ૯૯૨૦૪૯૫૫૧૧, ૭૦૨૧૮૮૨૮૨૯, ૭૩૫૫૭૫૫૭૫૫. લી. અલ્પા દેઢિયા (ગઢશીશા).

3/1/1(20) --------- (B-8831)(1-5)

**શ્રી રાયણ આઠ કોટી નાની પક્ષ સ્થા. જૈન સંઘ**

પૂ.આ. સાહેબશ્રી સુરજી સ્વામી તથા પૂ. પદવીધર મ.સ.જી. નીનાબાઈ સ્વામીની અસીમકૃપાથી આપણા શ્રી સંઘને ફેબ્રુઆરી, ૧-૨-૧૭ની આસપાસ સાધ્વીજીનો અમૂલ્ય જોગ પંદર દિવસ મળેલ છે. આવા અમુલ્ય અવસરનો લાભ લેવા નમ્ર વિનંતી. ગામ ભારાપર, ડોણ, મેરાવા, નવાવાસ, નાગલપુર, કોડાય તથા આસપાસના ગામના ભાઈ બહેનોને પણ લાભ લેવા નિમંત્રણ છે. સેનોટોરીયમ બુકીંગ માટે ૯૩૨૨૨૩૦૩૮૫, ફોન ૨૨૪૨૭૯૫૯. વિનોદ (પરીન સ્ટીલ) લિ. આ. નાની પક્ષ જૈન સંઘ.

3/1/1(50) --------- (A-9468)(1-5)

## શ્રધ્ધાંજલિ

**સ્વ. રતનશી પુનશી વિશરીયા (કોડાય)**
**'૧૭' મી પુણ્યતિથીએ ભાવભીની શ્રધ્ધાંજલી**

(અરિહંતશરણ - તા. ૧/૧૨/૯૯) આપની વિદાયને આજે '૧૭' વર્ષ પલકારાની જેમ વીતી ગયા, પણ આપની યાદ વિશરાતી નથી. આપે જીવન પર્યંત મહેનત કરી, શુન્યમાંથી સર્જન કર્યું, સુખ દુઃખમાં હસતા રહ્યા, દુઃખ થી કદી ડર્યા નહી, ધર્મ કદી ભુલ્યા નહી, દયા ભાવ ચુક્યા નહી, હંમેશા વૃક્ષ બની છાયા આપતા રહ્યા. આપનો પરોપકારી, મીલનસાર તથા સેવાભાવી સ્વભાવ સદાય અમોને આપની સ્મૃતિ હૈયે રહેશે અને માર્ગ ચીંધતા રહેશે. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના. લિ. આપની સુપુત્રી પવિત્રા રતનશી વિશરીયા (કોડાય) સુપુત્રી - જમાઈ - અ. સૌ. સુમિત્રા જયંત નવીન શેઠીયા (ભુજપુર).

2/1/1(18) ----------- (B-8818)(1-5)

**શાશ્વત સુખના પથિક ગુરૂમૈયા પ. પૂ.**
**ચારૂલતાશ્રીજી મ. સા. ને દાદર (ઈ.) સંઘની વંદના**

અચલગચ્છાધિપતિશ્રીના આજ્ઞાવર્તીની સ્વાધ્યાયપ્રેમી પ. પૂ. સા. શ્રી નરેન્દ્રશ્રીજી મ. સા. ના સુશિષ્યા પરમવિદુષી માતૃહ્દયા, સકલ સંઘ શાસન હિતચિંતક પ. પૂ. સા. શ્રી ચારૂલતાશ્રીજી મ. સા.ની ત્રીજી પુણ્યતિથીએ શ્રી દાદર કચ્છી જૈન સંઘ પૂર્વ કરે ભાવભરી કોટિશ વંદના. હે ગુરૂમૈયા આપશ્રીના વાત્સલ્યભર્યા હૃદયની વિશાળતા સતત આત્મ જાગૃતિમાં લયલીનતા, પ્રભુ ભક્તિમાં મશગુલતા વગેરે અનેક ગુણોના ગરીમાના આલંબને અનેક સંઘો તથા આપશ્રીના શિષ્ય - પ્રશિષ્યા પરિવાર સ્વ - પર આત્મકલ્યાણ સાધતા રહીએ. હે ગુરૂજી ! આપશ્રી જ્યાં પણ હો ત્યાંથી સદાય, સતત, આશિષધારા વરસાવતા રહેજો અને આપશ્રી શીઘ્ર પંચમગતિ પામી શાશ્વત સુખને વરજો એજ પ્રભુ પાસે હૃદયપૂર્વક પ્રાર્થના. લિ. દાદર કચ્છી જૈન સંઘ - પૂર્વ.

2/1/1(61) ----------- (A-9654)(1-5)

**"શ્રી શેરડી જૈન યુવક મંડળ ડોંબીવલી"**
**થાણા થી કર્જત કસારા પરીસર**

ઉપરોક્ત મંડળની જનરલ મિટીંગ તા. ૪-૧૨-૧૬ના રવીવારે બપોરના ૨ થી ૪ના સમયે નીતીન મોરારજી નંદુ એ-૩૦૩ સુરેખા ભવન ૩જે માળે, તિલક નગર પોસ્ટ ઓફીસની ઉપર ડોંબીવલી ઈસ્ટ ખાતે રાખવામાં આવેલ છે. સર્વે ગામાઈ ભાઈઓને બહોળી સંખ્યામાં હાજર રહેવા વિનંતી. એજન્ડા (૧) ગયા વરસના હિસાબ રજુ કરવા (૨) નવી કમીટી નિમણુંક કરવી. લી. મંત્રીઓ

3/1/1(56) --------- (A-9461)(1-5)

**શ્રી ગઢસીસા જૈન મહાજન આભાર - અનુમોદના**

નિમ્નલિખિત પરિવારોએ પોતાના મકાન - વરંડા - બંગલો વિ. ચાતુર્માસ તેમજ અન્ય પ્રસંગે વપરાશ માટે મહાજનશ્રીને આપીને સંઘ સહાયતાનું સેતુ રચવા બદલ, તેમજ જીનેન્દ્રભક્તિ અને વૈયાવચ્ચનું પુણ્યાનુંરૂપી પુણ્ય બાંધવા બદલ મહાજનશ્રી એમની અનુમોદના સહ આભાર વ્યક્ત કરે છે.

● શેઠ શ્રી મહેન્દ્ર દેવજી તેજપાર દેઢિયા

● શ્રીયુત ડો. નરેન્દ્ર મુરજી ખેરાજ દેઢિયા

● માતુશ્રી મોંઘીબાઈ રમણીક પાંચુ વિસરીયા

● માતુશ્રી વિજયાબેન ગોવિંદજી રવજી દેઢિયા.

● લિ. ટ્રસ્ટીઓ - શ્રી ગઢસીસા જૈન મહાજન, શ્રી ગઢસીસા જૈન મિત્ર મંડળ, ચાતુર્માસ સંઘપતિ પરિવારો.

2/1/1(BX6) -------- (A-9471)(2-15)

## શૈક્ષણિક

**શિક્ષણમાં વિવિધતા એટલે**
**સોનગઢ રત્નાશ્રમ**

આજના બાળકના બાળપણને માણવાને બદલે સમાજ તેમને શિક્ષણના ભાર વડે તેમનું બાળપણ કચડી નાખે છે. જ્યારે સોનગઢ રત્નાશ્રમમાં બાળકને કોઈપણ શિક્ષણ ભારરૂપ ન બનાવતા જ્ઞાન - ગમ્મત સાથે શિક્ષણ આપવામાં આવે છે. ગામ લાયજાના મુલવંતીબેન માણેક છેડાએ પોતાની દોહીત્રીઓ વિધિ સુજીત દોશી, કોમલ નીલેશ, સોનલ ધીરેન એ વિવિધ ક્ષેત્રોમાં મેળવેલી સફળતાથી પ્રેરાઈને દર વર્ષની જેમ આ વરસે પણ સોનગઢ રત્નાશ્રમની વિદ્યાદાતા યોજનામાં ૧૧૧૦૦/- નું અનુદાન આપી નામ કાયમ કર્યું. જ્યાં સમાજના ધોરણ ૬ થી ૧૨ ના ૪૧૯ જેટલાં બાળકો કોઈપણ જાતના લવાજમ વગર વિવિધ ક્ષેત્રમાં તાલીમ લઈ રહ્યા છે. લિ. અશોક ગોગરી - કારોબારી સભ્ય - કપાયા - ૯૩૨૧૨૪૯૨૨૧.

2/1/1(6) ----------- (A-9326)(1-5)

**માઉન્ટન માર્ક, SSC, HSC SPL**
**વોટર સ્પોર્ટસ, જંગલ એડવેંચર, મનાલી ટ્રેક**

મુલુંડ, 'માઉન્ટન માર્કસ' રજુ કરે છે SSC / HSC SPL રીફ્રેશીંગ કેમ્પ અને ટ્રેક. વર્ષભરની સ્કુલ, કોલેજ અને કલાસની થકાવટ ભરી દોડધામ અને ટેન્શન પછી આપના બાળકોને આપો રીફ્રેશીંગ એડવેંચર કેમ્પ અને ટ્રેકની અનોખી ભેટ.

● દાંડેલી ફોરેસ્ટ એડવેંચર વીથ વોટર સ્પોર્ટસ - ૩૧/૩, દિવસ ૬, ચાર્જ રૂા. ૮૮૦૦.

● તારકરલી વીથ સ્કુબા ડાઈવીંગ, પેરાસેઈલીંગ, વોટર સ્પોર્ટસ, ૨/૪. દિવસ ૫, ચાર્જ રૂા. ૯૬૦૦.

● મનાલી એડવેંચર ટ્રેક વિથ રાફટીંગ - ૬/૪, દિવસ ૧૦, ચાર્જ રૂા. ૧૫૨૦૦. લિમીટેડ સીટ. વધુ વિગત www.mountainmarks.com, Facebook - Mountain Marks Trekking. જયંત - ૯૮૨૦૬૮૭૪૩૭, કેતન - ૯૮૨૦૯૭૭૯૨૨.

2/1/1(28) ----------- (B-8859)(9-5)

**ગઢસીસા જીનાલય ધજા મહોત્સવ**

માગસર સુદ પાંચમ તા. ૩/૧૨/૧૬ સોમવારના વહેલી સવારે શુભ મુહૂર્તે

● ધજાનો લાભ લેનાર દાતા પરિવાર : માતુશ્રી ખેતબાઈ પ્રેમજી કચરા દેઢિયા હસ્તે શ્રીમતી કલ્પનાબેન CA નવીનચંદ્ર પ્રેમજી દેઢિયા - ગઢસીસા.

● સંઘ સ્વામીવાત્સલ્ય (ગામ જમણ) નાં લાભાર્થી : સવંત ૨૦૭૨ ના ચાતુર્માસના સંઘપતિ પરિવારો.

● વિધિકાર : શ્રીયુત શ્રી ચંદ્રકાંતભાઈ દેઢિયા બિદડાવાલા.

● આયોજન : શ્રી સત્તરભેદી મહાપૂજા તથા શ્રી અઢાર અભિષેક મહાપૂજન.

● અઢાર અભિષેક માટેનો નકરો : પહેલા અભિષેક માટે ૨૫૦૦/- રૂા. તેમજ બીજા ૧૭ અભિષેક માટે પ્રતિ અભિષેક ૧૦૦૦/- રૂા.

● સંપર્ક : વહેલો તે પહેલોના ધોરણે દેરાસરની પેઢી ફોન નં. ૦૨૮૩૪-૨૮૨૨૬૯. તેમજ શ્રી હિરેનભાઈ મહેતાજી મો. ૦૯૭૧૨૩૯૪૨૦૪ પર નામ લખાવી લાભ લેવા વિનંતી.

● આ પ્રસંગે સૌ ગામવાસીઓ, નિયાણી બહેનો, સૌ સંઘપતિ પરિવારો તેમજ સૌ સ્નેહીજનો પધારી શોભામાં અભિવૃદ્ધિ કરશોજી.

● લિ. ટ્રસ્ટીઓ / મા. મંત્રીઓ - શ્રી ગઢસીસા જૈન મહાજન, શ્રી ગઢસીસા જૈન મિત્ર મંડળ.

2/1/1(BX5) -------- (A-9470)(2-15)

**ખબર પત્રિકામાં પ્રસિધ્ધ થતી વ્યક્તિગત કે સામૂહિક, સંસ્થાકીય કે વ્યાવસાયિક જાહેરાતો અને નિવેદનો તેમના પોતાના હોય છે, એમાંથી ઉદ્‌ભવતાં પરિણામો વિશે ખબર પત્રિકા સમિતિ જવાબદાર નથી.**

# શ્રી ક.વી.ઓ. સ્થાનકવાસી જૈન મહાજન, મુંબઇ સંચાલિત શાળાઓ

70-80, ડૉ.આંબેડકર રોડ, વોલ્ટાસની સામે, ચિંચપોકલી (ઇ.) મુંબઇ-૧૨. ફોન: ૨૩૭૨ ૧૦૮૪, kvosjm100@gmail.com

## શતાબ્દી વર્ષની ઉજવણી નિમિત્તે માતૃવંદના

પ્રિય સુજ્ઞજનો,

શતાબ્દી વર્ષની રંગારંગ ઉજવણીના દોરમાં હવે પ્રસ્તુત છે...

## Science Exhibition: વિજ્ઞાન પ્રદર્શન

ઝડપથી બદલાતા જગતના પ્રવાહોની સાથે સંતુલન જાળવવા તંત્ર વિજ્ઞાનની જાણકારી બાળકને હોવી ખૂબ જરૂરી છે. આજનો વિદ્યાર્થી આવતી કાલનું ભવિષ્ય છે. એના ભવિષ્યને તેજસ્વી બનાવવા અને કેરિયરમાં **'અચ્છે દિન'** લાવવા માટે Science Exhibition નું આયોજન કરવામાં આવ્યું છે.

નાનાથી લઇ મોટા, દરેક વયના બાળકો માટે જ્ઞાનપૂર્ણ જાણકારી મેળવવા, તેમની કલ્પના શકિત અને સર્જન શકિતને પાંખ આપવા માટે આગ્રહ કરી આ **Science Exhibition** માં **મોકલવા દરેક વડિલને વિનંતી.**

### પ્રદર્શનની સમયસારિણી

**દિન-દિનાંક** : ગુરૂવાર, તા. ૧ ડીસેમ્બર અને શુક્રવાર ૨ ડીસેમ્બર, ૨૦૧૬

**સમય** : સવારના ૧૦.૦૦ થી ૫.૦૦

**સ્થળ** : શ્રી ક.વી.ઓ. સ્થાનકવાસી જૈન મહાજન, મુંબઇ સંચાલિત શાળાઓ ૭૦-૮૦, ડૉ. આંબેડકર રોડ, વોલ્ટાસની સામે, ચિંચપોકલી (ઇ)

સર્વ જીજ્ઞાસુઓ, લાખેણા દાતાઓ,
આદ્ય વિદ્યાર્થીઓ-વિદ્યાર્થિનીઓને સગા સબંધી, મિત્રો, સ્નેહીઓ સાથે
પધારવાનું ભાવભર્યું આમંત્રણ!!!


### લિ. ટ્રસ્ટીઓ

CA અતુલ ચુનીલાલ ભેદા (મેને.ટ્રસ્ટી)-ભુજપુર

ડૉ. અજય કલ્યાણજી વિશ્રાણી - બારોઇ | કિશોર શામજી છેડા - ડોણ | કેકીન કુંવરજી છેડા - કાંડાગરા
ધીરજ દેવજી રાંભિયા (CEO) - તલવાણા | CA રાજેશ રાઘવજી શાહ - પત્રી | વિનેશ વસનજી મામણિયા - કુંદરોડી

### અધિકારીઓ

જગદીશ ભીમશી ગંગર-કુંદરોડી, પ્રમુખ | ઉમેશ ગાંગજી દેઢીયા-લુણી, ઉપ પ્રમુખ

CA કેતન દામજી સૈયા-મોખા, માનદ્ મંત્રી | દિલીપ રમણીકલાલ શેઠીયા-પ્રાગપુર, માનદ્ મંત્રી | મનીષ દામજી ગાલા-વડાલા, માનદ્ મંત્રી | ધીરેન ટોકરશી રાંભીયા-ગુંદાલા, ખજાનચી

### શાળાઓના માનદ્ મંત્રીઓ

અનિલ ગોવિંદજી ગંગર-બેરાજા | વિલાસ પ્રવિણચંદ્ર કેનિયા-બારોઇ

### કાયમી સભ્યો

સંજય નેમજી શાહ - બારોઇ • શામજી ટોકરશી વોરા - નવીનાળ • ડૉ. રિધ્ધી સંજય નેમજી શાહ - બારોઇ

### કાર્યવાહક સમિતિ

| | | | |
|---|---|---|---|
| * અશોક નેમજી ગાલા-વડાલા | જયેશ રમણીકલાલ દેઢિયા-ભુજપુર | દીપક શાંતિલાલ ગાલા-લુણી | એડ. રમેશ દામજી છેડા-બિદડા |
| અશોક વસનજી છેડા-કાંડાગરા | * જયંતિલાલ કેશવજી છેડા-કાંડાગરા | સોલી.પીયુષ મહેન્દ્ર શાહ-રતાડીયા ગ. | રમેશ લાલજી સોની-વડાલા |
| CA અશ્વીન માવજી ગાલા-લાખાપુર | જાદવજી પુંજાભાઇ ગલીયા-લુણી | પોપટલાલ દામજી છેડા-દેશલપુર(કંઠી) | રાજેન કાંતિલાલ ધરોડ-લુણી |
| કુસુમબેન રમણીકલાલ છેડા-કુંદરોડી | તરલાબેન જયંત છેડા-ડોણ | * બીપીન મોરારજી શાહ-મોખા | લક્ષ્મીચંદ કાકુભાઇ જૈન-ગુંદાલા |
| * કેતન દેવજી સંઘવી(સંગોઇ)-કપાયા | * તલકશી રામજી ધરોડ-વડાલા | મણીલાલ દેવજી ગલીયા-લુણી | વિપુલાબેન હરીશ સોની-પ્રાગપુર |
| ગીરીશ ધારશી ભેદા-મોખા | દીનેશ દેવજી શાહ(મામણીયા)-કુંદરોડી | મંજુલાબેન પોપટલાલ ગાલા-ના.ભાડીયા | ડો.વૈશાલ પ્રવિણચંદ્ર કેનીયા-બારોઇ |
| ચેતન વસનજી ધરોડ-પત્રી | દીપક મોરારજી મામણીયા-રામાણીયા | ડો. મંજુલાબેન મણીલાલ ગડા-ભુજપુર | શાંતિલાલ હીરજી સાવલા-દેશલપુર(કંઠી) |
| જયસુખ રતનશી ગંગર-છસરા | દીપક દેવજી રાંભીયા-ગુંદાલા | યોગેશ ગાંગજી રાંભિયા-રતાડીયા ગ. | હરીશ નાનજી ગોગરી-રાયણ |
| | | | હર્ષાબેન ધીરજ શાહ-ડેપા |

સર્વે ટ્રસ્ટીઓશ્રી, પ્રમુખશ્રી, ઉપપ્રમુખશ્રી ઉપરાંત * કરેલ કાર્યવાહક સમિતિના સભ્યો સિવાયના શાળા સમિતિના અન્ય સભ્યો

પ્રેમજી મેઘજી રાંભિયા-ગુંદાલા • ચંદ્રકાંત નાગજી છેડા-ગજોડ • ડો.દિનેશ આણંદજી વીરા-ભારાપુર • પ્રફુલ્લ ચાંપશી ગાલા-ગુંદાલા


DEV GRAPHICS - 93 23 84 28 28

(❖)

# ‘ગામ પુનડી’

## પૂજ્ય વડિલશ્રીને વંદનાવલિ



## પાનબાઈ કેશવજી કરમશી દેવરાજ છેડા (ઉં.વ. ૭૫)

**અરિહંત શરણ-તા. ૨૮/૧૧/૨૦૧૬**

આપની સ્મૃતિઓ ધૂપસળીની જેમ મહેક્યા કરે છે
જન્મ અને મૃત્યુ છે વિધાતાના લેખ
પણ સ્નેહના સંભારણા રહેશે અતુટ અને અકબંધ
હે પ્રભુ! અમારા સ્નેહમૂર્તિને આપજો સદ્ગતિ એજ અમારી હૃદયભીની પ્રાર્થના.

કરમશી દેવરાજ છેડા સમસ્ત પરિવાર
તથા
રામજી પાંચારીયા સાવલા સમસ્ત પરિવારનાં
આપના ચરણોમાં કોટી કોટી વંદન.

**પ્રાર્થના : તારીખ - ૦૧/૧૨/૨૦૧૬, ગુરૂવાર, શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ સંચાલીત કરસન લધુ નીસર હોલ, સમય : ૪ થી ૫.૩૦**

ઠે. કેશવજી કરમશી છેડા, બી-૧/ ગોલ્ડન પાર્ક, ગ્રીન કો.ઓ.સો. ખડકપાડા,
કલ્યાણ-વેસ્ટ, ૪૨૧ ૩૦૧. ફો.: ૮૦૮૦૪૦૪૧૮૩

**લૌકિક વ્યવહાર બંધ છે**

(A-104752)(29-11-1P)

જૈનત્વનું અનુપમ વિજ્ઞાન

# પરમેષ્ઠી શક્તિના અદ્-ભૂત રહસ્યો

## સાધના જગતમાં 'પરમેષ્ઠી' એક વિશેષ સ્થાન ધરાવે છે.

રવિવાર ૧૧ ડિસેંબર શિબિર

જૈનો માટે પરમેષ્ઠી અર્હતનું પ્રતીક છે. પારંપરીક રીતે સાધુ-ઉપાધ્યાય-આચાર્ય-અરિહંત-સિદ્ધને પરમેષ્ઠી સ્વરૂપે સૌ કોઇ વંદન-નમન કરતા હોય છે.

નવકાર મંત્ર સ્વરૂપે પ્રસિધ્ધ સંકલ્પનામાં ક્યાંક આપણે પરમેષ્ઠી શક્તિનું મૂલ વિજ્ઞાનને વિસારી દિધું છે???




શ્રધ્ધા
જ્ઞાન
ચારિત્ર
વિતરાગતા
અયોગ

### પરમેષ્ઠીઃ 'પરતંત્ર' નહી પણ ગહન 'આતમ-તંત્ર' છે!

મંત્ર જાપ અથવા પરમેષ્ઠીના ગુણ સ્મરણ અને ભક્તિ તો બાહ્ય સાધના છે...એને 'પર-તંત્ર' કહેવાય. જૈન વિજ્ઞાન તેને 'આતમ-તંત્ર' તરીકે ઓળખાવે છે.

પરમેષ્ઠી આત્મિક શક્તિ છે... જેને સાધીને આત્મ પ્રદેશોમાં પ્રસ્થાપીત કરવાનુ હોય છે!

### પરમેષ્ઠી સાધનાનો દિવ્ય વિજ્ઞાન

ધર્મ સાધના એક વિશિષ્ટ પુરૂષાર્થ છે, જેના દ્વારા જીવ કર્મ-મલનો નાશ કરીને પોતાની અનંત આત્મિક શક્તિઓને પ્રકટ કરી 'સ્વભાવ'મા સ્થિર થાય છે.



વૈજ્ઞાનિક અધ્યાત્મના પ્રણેતા
**ડૉ. મયંક શાહ**

### આ શીબિરમાં ખાસ પ્રશિક્ષણ

- 卐 પરમેષ્ઠી સાધના દ્વારા જીવ ઉર્ધ્વગામી (**Evolve**) બને છે.
- 卐 પરમેષ્ઠી શક્તિની ઉપાસના દ્વારા શારીરિક, માનસિક, આત્મિક રોગ દૂર કરાય.
- 卐 પરમેષ્ઠી 'પ્રજાગતા' (**Divine Consciousness**) અને પ્રબુદ્ધતા (**Divine Intelligence**) નો કારણ બલ છે.

**'પરમેષ્ઠી'**નો મૂલ વિજ્ઞાન સમજવા અને એની શક્તિને અનુભવવા સૌ સાધકોને આમંત્રણ છે. **ડૉ. મયંક શાહ** પરમેષ્ઠી શક્તિને સિદ્ધ કરવાનો વિજ્ઞાન પ્રકાશીત કરશે.

### શિબિર

રવિવાર તા. ૧૧-૧૨-૨૦૧૬, સમયઃ સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ કલાકે
માટુંગા ગુજરાતી સેવા મંડળ, બેંક્વેટ હોલ, ફુલ ગલ્લી, માટુંગા (ઇ)

વધુ માહિતિ તથા શિબિર પાસ મેળવવા માટેઃ
સંપર્કઃ પૂર્ણીમાબેનઃ ૯૮૧૯૮૩૬૬૧૧, રજનીકાંતભાઈઃ ૯૩૨૨૨૭૪૧૯૨

પરમ ધર્મ એક... પરમ જ્ઞાન એક...

શેઠશ્રી રમણીકલાલ હીરજી મારૂ (હાલાપુર)ની પુનિત સ્મૃતિમાં

## ધ જીનીવ લાઇફ ફાઉન્ડેશન

"વિજ્ઞાનમય અને પરિણામલક્ષી ધર્મ સાધના કરીએ."

Jineev Lifessence: 337, કૃષ્ણ નિવાસ, ચંદાવરકર રોડ, માટુંગા (ઇ). મુંબઇ-19. 24102604

KAMAL GRAPHICS: 9867093043

(B-3178)

Ghalla Bhansali Foundation

Trust • Legacy • Wealth

# ભારત કરવટ બદલી રહ્યું છે, અને આપણે ?

પચાસ અને સો રૂપિયાની ચલણી નોટમાં કેટલી તાકાત છે એની ખબર પડવાના આ દિવસો છે. ડિમોનેટાઈઝેશને સાવ અચાનક જ આપણા ડ્રોઈંગરૂમમાં પગપેસારો કરી લીધો છે. ચારેકોર મંદીની વાતો છે, તેમજ નોકરી-ધંધા સામે આફતો છે. પરંતુ ભારતમાં હાલ નિયમનકારી અનિશ્ચિતતા, નિરાશાજનક આર્થિક ચિત્રની પરવા કર્યા વગર દેશમાં સરકાર સહિત અનેક નાના-મોટા સાહસિકોની પેઢી નવી વિચારસરણી કેળવી રહી છે. **૨૦૨૦ સુધીનો આ વર્તમાન દાયકો આપણા વિકાસની દિશા સંપૂર્ણપણે બદલી શકે છે. અસંગઠીત સર્વિસમાં વ્યવસ્થા લાવવાની આ મોટી તક છે. પરંપરાગત વેપાર કરનારાઓને હાલની પરિસ્થિતિએ ફરી વિચારવાની તક આપી છે એમ માનીને વેપારમાં ટેકનોલોજીના સથવારે ગણતરીપૂર્વકનો ફેરફાર લાવવો જોઈએ.** આગામી ૨-૩ મહિના આપણા ધંધા-રોજગાર મંદ રહેવાની શક્યતા છે. આ સમય દરમ્યાન આપણે પોતાની જાતને અપડેટ કરવી પડશે અને સતત નવું શીખતા રહેવું પડશે. • ચોખ્ખા કાગળ પર તમારું સમયપત્રક બનાવો અને ઝીણવટપૂર્વક પ્લાનીંગ કરો. • તમારા પ્રતિસ્પર્ધીઓ કરતા તમારો માલ/સેવા કઈ રીતે અલગ છે તે જાણો અને તમારી સર્જનાત્મકતાને કામે લગાડો. • નવા વિચારોને સ્વીકારવાની ખેલદીલી અને જોખમ ઉઠાવવાની તત્પરતા દાખવો. અહીં તાજેતરમાં એનાલીસીસ કરેલા કેટલાક જાણીતા બનાવો અને ક્ષેત્રોનો સરળ ભાષામાં ઉલ્લેખ કર્યો છે.

☛ અમદાવાદના બસ રેપિડ ટ્રાન્ઝીટ સિસ્ટમ (બી.આર.ટી.એસ.)ને યુનાઈટેડ નેશન્સે એક અનુકરણીય પ્રોજેક્ટ તરીકે પસંદ કરી હતી. ૬૪ લાખની વસ્તી ધરાવતા અમદાવાદમાં દરરોજ ૪૦૦ નવા વાહનો ઉમેરાય છે. જો કે દેશનાં અન્ય શહેરોમાં પણ આવી જ સ્થિતિ છે. લોકોને કામ માટે અથવા ફરવા માટે લાંબા અંતરનો પ્રવાસ કરવાની જરૂર પડે છે, જેથી વાહનોના ટ્રાફીકમાં તીવ્ર વધારો થાય છે. ખાસ કરીને ભારતીય શહેરોમાં જાહેર પરિવહન વ્યવસ્થા વધતી જતી માંગને પહોંચી વળવા અસક્ષમ છે. સત્તાવાર આંકડા પ્રમાણે વાહનોના વેચાણમાં ખાસ કરીને કારનાં વેચાણમાં ૧૦% નો વધારો થયો છે ત્યાં બી.આર.ટી.એસ. જેવી વ્યવસ્થા માર્ગો પર ભારણ ઘટાડી શકે છે. વર્ષોથી અમદાવાદ સ્થિત વિજયભાઈ દેઢિયાને તેમની ૧૫ કિ.મી.ની રોજીંદી અવરજવરમાં બે બસ બદલવાની જરૂર રહી નથી. તેમને ખબર છે કે હવે પીક અવર્સમાં દર ૨.૫ મીનીટે અને ઓફ પીક અવર્સમાં દર ૬ મીનીટે બસ મળશે. બી.આર.ટી.એસ.માં ઉપયોગમાં લેવાતી બસ પણ અત્યાધુનિક અને વધુ અનુકુળ છે. ૪૫ વર્ષિય વિજયભાઈ કહે છે કે 'મારું સમયપત્રક હવે ખરેખર સમયબદ્ધ થઈ ગયું છે. મારી અવરજવરનો દૈનિક ખર્ચ વધ્યો છે પણ મારો સમય બચે છે, અને સમય એજ સાચી સંપત્તિ છે ને.'

☛ ચરણસિંઘ યુનિવર્સીટીમાંથી કોમર્સમાં માસ્ટર્સ ડિગ્રી મેળવ્યા પછી પણ ૨૬ વર્ષના ટીટુ સિંઘને મહિનાઓ સુધી ક્યાંય નોકરીની તક દેખાતી ન હતી. એ અરસામાં તે ઉત્તર પ્રદેશના ગાઝીયાબાદ ખાતે જી.આર.એ.એસ. એકેડમીના સંપર્કમાં આવ્યો ત્યારથી સ્થિતી બદલાઈ ગઈ. જી.આર.એ.એસ. એક વ્યવસાયિક તાલીમ સંસ્થા છે જે બેઝીક એકાઉન્ટીંગમાં છ મહિનાનો કોર્સ કરાવે છે. જી.આર.એ.એસ. એ સિંઘને ગાઝીયાબાદમાં સ્પોર્ટસ ગુડ્સ કંપની પ્યુમાના વેરહાઉસ ખાતે એકાઉન્ટ એક્ઝીક્યુટીવની નોકરી અપાવી દીધી. સિંઘ જેવા કરોડો યુવાનો પાસે વર્ગ ખંડનું જ્ઞાન અને ડીગ્રી છે, પરંતુ તેઓ વિશીષ્ટ અને સોફ્ટ સ્કીલ ધરાવતા ન હોવાથી તેમને નોકરી માટે લાયક ગણવામાં આવતા નથી. દર વર્ષે આવા યુવાનોની સંખ્યામાં કરોડોનો ઉમેરો થતો રહે છે પરંતુ હવે સ્થિતી બદલાઈ રહી છે. સરકાર ૧૮ થી ૩૫ વર્ષની વયના લોકોને વિવિધ કૌશલ્યની તાલીમ આપવા સક્રીય છે. ખાનગી એકમોને લોન, ઈક્વીટી કે ગ્રાન્ટ મારફત મદદ કરવા ૨૦૦૯ માં સ્થપાયેલા નેશનલ સ્કીલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (એન.એસ.ડી.સી.)એ આ ફેરફારની આગેવાની લીધી છે. આદીત્ય બીરલા ગ્રુપ અને પારલે જેવી કોર્પોરેટ્સ તેમના ૪૦% કર્મચારીઓની ભરતી આવા એન.એસ.ડી.સી. - પાર્ટનર કેન્દ્રોમાંથી કરે છે.

☛ પૂણે નજીક નારાયણગાંવમાં ચાર એકરનું ખેતર ધરાવતા યોગેશ ગજન તડકરી દરેક સપ્તાહે ઘરઆંગણે માલસામાન લેવા આવતા વોલમાર્ટના વાહનની આતુરતાથી રાહ જૂએ છે. તેઓ કહે છે કે આ વધારે નફાકારક છે તથા મારા શાકભાજીને બજાર સુધી પહોંચાડવાનો વધારે સરળ માર્ગ છે. તડકરી અગાઉ પોતાનાં ઉત્પાદનોને બજાર સુધી પહોંચાડવા માટે તેમના મજુરોને દિવસના રૂા. ૨૦૦-૩૦૦ મજુરી ચૂકવતા હતા તથા સ્થાનિક બજાર માટે દરેક ફેરીએ ૭૦-૮૦ ની ચૂકવણી કરતા હતા. આમાંનો મોટા ભાગનો ખર્ચ હવે ઘટી ગયો છે. તેઓ કહે છે કે વેચાણની રકમ આઠ દિવસમાં સીધા મારા ખાતામાં જમા થાય છે.

☛ ચાર વર્ષ પહેલાં મલ્ટી-નેશનલ કંપનીમાંથી રાજીનામું આપીને યોગગુરૂ બાબા રામદેવની પતંજલી આયુર્વેદમાં જોડાયેલા રિતેશ શ્રીવાસ્તવ (સીનીયર મેનેજર - માર્કેટીંગ એન્ડ સેલ્સ) કહે છે કે, 'અહીં કામ કરવાનો માહોલ અને સીસ્ટમ પણ પ્રોફેશનલ FMCG કંપની જેવાં જ છે, માત્ર ફરક એટલો છે કે પ્રોફેશનલ કંપનીઓ નફા પાછળ દોડે છે જ્યારે પતંજલી સમાજ અને દેશ માટે કામ કરે છે.' પ્રતિષ્ઠિત FMCG કંપનીઓ છોડીને પતંજલીમાં જોડાયેલા તે એકમાત્ર એક્ઝીક્યુટીવ નથી પણ છેલ્લા છ મહિનામાં આવા ૨૫૦ જેટલા એક્ઝીક્યુટીવ્સે પતંજલીની નોકરી સ્વીકારી છે. એક સમયે પતંજલીને કોઈ ઓળખતું નહોતું પરંતુ આજે FMCG માર્કેટમાં તે ધીમે ધીમે બજાર હિસ્સો કબજે કરી રહી છે. ૧૯૯૭ માં હરિદ્વારમાં એક ફાર્મસી તરીકે શરૂ થયેલી પતંજલી આજે રૂપિયા ૫ હજાર કરોડની કંપની છે.

**ટુંકમાં, જો ગુજરાતના એક નાનકડા ગામનો ચા વાળો આખા ભારત દેશ ને ડોલાવી શકતો હોય તો ધીંગી ધરા ના માડુઓ કોઈને પણ ટક્કર આપી શકે છે, જરૂર છે માત્ર પોઝીટીવ વિચારસરણી કેળવવાની.**

સંકલન : **રીતેશ અરવીંદ પોલડીયા**

ritesh@ghallabhansali.com

(ગાલા ભણસાલી ફાઉન્ડેશનના નેજા હેઠળ દર મહિનાની ૧-૨ તારીખે પ્રસિધ્ધ થતાં આ ટુંકા લેખનો હેતુ સમાજ પ્રત્યે સાચી જાગરૂકતા કેળવવા માત્રનો જ છે.)

ગાલા ભણસાલી, 'દેવાંશ' ૧૩૩, દાદા સાહેબ ફાલ્કે રોડ, રણજીત સ્ટુડિયો પાસે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦૦૧૪. (ભારત) ટેલી. ૪૦૪૯૭૦૦૦, ૨૪૧૫૭૦૦૦

(C-3186)

શ્રી વિશલ માતાય નમઃ

**કચ્છ - વડાલા ગામે (ડેલી ફરીયામાં) નમતાં**

**(ઈશરાણી (ગાલા) ભાવિકો જોગ)**

સહર્ષ જણાણવવાનું કે : આપણાં કુળદેવીશ્રીનું નૂતન મંદિર તથા '૧' હોલ બનાવવાનું નિધરિલ છે તથા બાજુમાં એક જગ્યા લેવાની વાટાઘાટો પણ ચાલુ છે.

**નૂતન હોલના નિર્માણ માટે : રૂા. ૭.૫૧ ની ઓફર**
**અ.સૌ. લતાબેન પ્રફુલ્લ દામજી ગાલા**
**હા. ચિ. વિનલ-ચિ. સંકીલ, ચિ. ભવ્ય તરફથી આવેલ છે.**

ઉપરોક્ત ઓફર રૂા. ૧ લાખની વૃધ્ધિ સાથે વહેતી મૂકવામાં આવે છે. ભાગ્યશાળીઓએ તા. ૧૫.૧૨.૨૦૧૬ સુધીમાં જાણ કરવા નમ્ર વિનંતી.

સંપર્ક : શ્રી પંકજ ગોપાલજી ગાલા - મો. ૯૮૨૧૨૯૯૦૯૯

નિર્માણ કાર્ય માટે રૂા. ૧.૧૧ના ૧૩ નામ આવી ગયેલ છે. જેની જાહેરાત ટુંક સમયમાં કરવામાં આવશે.

ભાવિકોને નમ્ર અનુરોધ કે : પૂ. માતાજીના કાર્યમાં ઉદાર દિલે સહયોગી બનીને 'મા' પ્રત્યે શ્રધ્ધેય ભક્તિભાવ દર્શાવી-આશીર્વાદ પ્રાપ્ત કરશોજી.

:: લિ. ઈશરાણી ભાવિકો વતી ::

| | |
|---|---|
| ચુનીલાલ જેઠાલાલ ગાલા | હરખચંદ પોપટલાલ ઈશરાણી |
| પ્રફુલ્લ દામજી ગાલા | પંકજ ગોપાલજી ગાલા |

(B-3177)


**EASY WEIGHT LOSS !!!**

વજન ઘટાડવું એ મોટી વાત નથી પણ પાછુ ન વધવાની ખાતરી સાથે અને એ પણ તદન કુદરતી રીતે... આવા પરિણામલક્ષી Easy અને નેચરલ weight loss માટે એક વિશ્વસનીય નામ એટલે દેઢિયા લાઇફ સ્પા... ૯૭% રિઝલ્ટ અત્યાર સુધી માં... ૧૦૦૦ થી વધુ સંતુષ્ટ લોકો... વિશ્વનો એક માત્ર Weight Loss પ્રોગ્રામ જે દરેક વ્યક્તિ માટે નાડી તેમજ ઓરા પ્રમાણે અલગથી બનાવવામાં આવે છે. કોઈપણ જાતના કેમિકલ દવા વગર. વૈજ્ઞાનિક ડો. મિતેશ દેઢિયાનાં ખાસ ફોર્મ્યુલા - કુદરતી ઉપચારની વિવિધ પધ્ધતિઓનું પરિણામલક્ષી મિશ્રણ. મહિનામાં માત્ર એક જ વખત આવવું જરૂરી. દુર દુરથી લોકો આવીને ફાયદો લઇ રહ્યા છે. તમે પણ લ્યો અને સરળતાથી વજન / ચરબી ઘટાડો. એપોઇન્ટમેન્ટ માટે સંપર્ક : દેઢિયા લાઇફ સ્પા - ૯૬૯૯૦૮૦૦૧૭.

2/1/1(12) ---------- (B-8781)(8-7)

**ચિકન ગુનીયા, ડેંગ્યુ તથા વાયરલ તાવના દુઃખાવા તથા સાંધાના દુઃખાવા જે**

ડોક્ટરની દવા લીધા પછી પણ રહી જાય છે. તેની માટે અક્સીર આયુર્વેદિક પાઉડર જેમનો ફાયદો ૪૦૦ થી વધુ લોકોને થયો છે. મારો અનુભવ કહુ તો મને પણ દોઢ મહિના પહેલા ચિકનગુનીયા થઇ ગયો હતો. ડોક્ટરની દવા લીધા પછી પણ દવાની અસર હોય ત્યાં સુધી ફાયદો પછી એમને એમ અને ડોક્ટર કહે છે દુઃખાવો ૬ મહિના પણ રહેશે ને ૧૨ મહિના પણ રહેશે. પછી મે દવા કંટાળીને બંધ કરી. પછી મને ધરમશીભાઇએ આ દવાની વાત કરી તેથી મને ૯૦% ફાયદો ૩ દિવસમાં જ થઇ ગયો. તેથી જ આપણા સમાજને પીડાતા દુઃખાવામાં ફાયદો થાય તેની માટે જ દવા છે. આ દવા ૧૫ વર્ષના ઉપરના માટે છે. હોમ ડીલીવરી કરીએ છીએ. ઓફિસ મલાડ (વેસ્ટ), આધોઇ, વાગડ કોન્ટેક ટાઇમ ૧૧-૯, વિપુલભાઇ - મો. ૮૨૯૧૨૮૮૫૮૭.

2/1/1(19) ---------- (B-8819)(8-8)

**વનીતા'સ એડવાન્સ કેક્સ**

૨ ડિસેંબર, શુક્રવારે, ડોલકેક, જંગલ થીમ, કાર્ટુન, ફેધર આઈસીંગ વગેરે (4 Live) (2 ચોકલેટ ગાર્નીશ) (1500 Rs.)

● ૩ ડિસેંબર, શનિવારે, વેડીંગ કેક, કલર ગનાચ, સનફલાવર, પાઇનેપલ જેલ વીથ ચાઇનીસ કાર્વીંગ (૨ ચોકલેટ ગાર્નિશ) (1500 Rs.)

● 5 ડિસેંબર, સોમવારે, ટ્રફલ કેક, ફોટો કેક, 3D કેક, રસમલાઇ કેક, (2 ચોકલેટ ગાર્નિશ) (1500 Rs.) (3 days total 4000 Rs.) (વીથ રેસીપી ટેસ્ટીંગ) (2 to 6) વનીતા હરીયા મુંબઇ સેન્ટ્રલ (તારદેવ). 9323848638 (વોટસઅપ) 8879103033. (ફોટો વોટસઅપ કરશું) (ફ્રી રીપીટ પ્રેક્ટીસ), ફેસબુકમાં Vanita Cooking Classes Like કરો. (ગ્લીસરીન બેસ 260 Rs. Kg.) (8 ડિસે. ચાઇનીઝ) (10 ડિસે. બ્રેડસ) (6 ડિસે. સાબુ પરફ્યુમ)

2/1/1(15) ---------- (B-8795)(8-9)

**Bond Fund - મ્યુચ્યુઅલ ફંડ સાથે મિત્રતા અંક ૭**

શું તમે જાણો છો, મ્યુચ્યુઅલ ફંડ બોન્ડ ફંડમાં બેંક FD સામે અનેક ફાયદા છે. બેંક FD ના ઘટી રહેલા વ્યાજ દર સામે બોન્ડ ફંડ ઉંચુ વળતર આપે છે. બોન્ડ ફંડમાં શેર માર્કેટમાં શુન્ય રોકાણ હોય છે અને ૧૦૦% રકમ બેંકોની જેમ મ્યુચ્યુઅલ ફંડ મોટા કોર્પોરેટોને લોન આપી ફીક્સ વ્યાજની આવક મેળવે છે. ૧૫-૨૦ ટોચની સારી કંપનીમાં લોન આપવાથી ડાયવરસીફીકેશનનો લાભ મળે. મ્યુચ્યુઅલ ફંડ કઇ કંપનીને કેટલી રકમ વ્યાજે આપી તેનો પોર્ટફોલીયો પણ તમે જાણી શકો જેમાં મુખ્યત્વે AAA રેટેડ કંપનીઓ હોય જે રોકાણ માટે સૌથી સુરક્ષિત કંપનીઓ ગણાય. ૩ વર્ષથી વધારે રોકાણ કરો તો તમારી ઇન્કમ પર ઇન્ટરેસ્ટ તરીકે ટેક્ષ ન લાગે પણ લોન્ગ ટર્મ કેપીટલ ગેઇન ટેક્ષ હેઠળ ટેક્ષમાં ૫૦% થી ૭૫% બચાવી શકાય. CFA KRUNAL DEDHIA 9967596172.

2/1/1(13) ---------- (B-8826)(8-10)

**'અનમોલ ઓફર'**

શું આપ જુનુ સોનું વેચવા માંગો છો? તો આ રહી જબરજસ્ત ઓફર. અમે આપના જુના સોનાના દાગીના ટી.વી. પર આવતા ભાવથી ૧% ફેર કરી રોકડેથી અથવા ચેકથી લેશું. બીજે આપતા પહેલા એકવાર મુલાકાત લઇને ખાત્રી કરવા જરૂરથી પધારો અનમોલ જ્વેલર્સ, પરેલ ટી.ટી. ૨૪૧૩૩૯૩૬/૮૬૨૬. ગામ : કચ્છ ફરાદીવાલા શાંતીભાઇ ધનજી દેઢિયા. ફોન નં. ૯૬૬૪૦૧૬૬૬૮.

2/1/1(4) --------- (B-8726)(8-1)

**સરગમ વોટર પાર્ક - પ્યોર વેજ જૈન ફુડ પ્રતિ વ્યક્તિ રૂા. ૬૫૦**

ટા. સવારે ૯ થી સાંજે ૬, સવારે નાસ્તો, બપોરે લંચ, સાંજે ડીનર, ૩.૩૦ થી ૪.૩૦ ચા - કોફી - આઇસ ગોલા, ૩ સ્વીમીંગ પુલ, ૮ સ્લાઇડ, ડી.જે., રેઇન ડાન્સ, MPWS. બેસવા માટે નાના મોટા હોલ, ૬૦૦૦ સ્કે. ફીટનો સ્ટેજ સાથેનો હોલ ખુરશી સાથે. લોકર, ખાટલા, એ.સી. રૂમ ભાડાથી. ગ્રુપ માટે ડીસ્કાઉંટ. કામણ જૈન મંદિરથી ૩ કિ.મી., ભજનલાલ ડેરીથી ૯ કિ.મી., દહીંસરથી ૨૧ કિમી., ભિવંડીથી ૧૪ કિ.મી. વિલેજ નાગલે, ચિંચોટી કામણ ભિવંડી રોડ. સં. ૯૩૨૪૩૦૪૩૩૩ રમેશ માણેક ગાલા (ગઢશીશા). Website : www.sargamwaterppark.com

2/1/1(2) ---------- (B-8690)(8-2)

**હોટલ નીતા ''શાંતિ વીલા'' (મહાબળેશ્વર)**

કુદરતના ખોળે, સૌંદર્યના ખજાના સમા, મહાબળેશ્વરમાં એસ. ટી. સ્ટેન્ડથી ફક્ત ૬૦ સેકન્ડના અંતરે સનસેટ અને સનરાઇઝ વીથ કોફી શોપ, ગાર્ડન રેસ્ટોરંટ A.C, NON A.C, રૂમો, કોટેજ, A.C ડુપ્લેક્સ વીલા, સ્વીમીંગ પુલ વીથ વોટર સ્લાઇડ અને ફોલ્સ, ચીલ્ડ્રન્સ એમ્યુઝમેન્ટ પાર્ક, ગેમ્સ અને સારામાં સારું પંજાબી, સાઉથ ઇન્ડિયન, ચાઇનીઝ, ફાસ્ટફુડ અને પ્યોર ગુજરાતી અને જૈન ફુડની મજા માણો. બોરીવલી - ૨૮૯૧૯૧૨૫/ ૨૮૯૫૬૫૪૮/ ૨૮૯૨૭૭૫૬.

1/1/1(14) -------- (B-8812)(8-3)

**'ઘુંટણ દર્દ બે મહિનામાં મટી જાય'**

વડીલો ભાઇઓ - બહેનો ઘુંટણની અસહનીય પીડા ભોગવતા હોય છે. હવે ન્યુટ્રિશિયન યુક્ત ઉપચાર કરી પીડાથી મુક્ત થાઓ. ઘુંટણનો દર્દ, સંધીવા, યુરીક એસીડ, સોજા પીડા નીકળી જશે. ઘુંટણના સ્નાયુઓ, નસો મજબુત બનશે. ઘુંટણની પીડા સાથે શરીરના અંગોની પીડા મટી જશે. પલાઠી વાળી બેસી શકશો. બરાબર ચાલી શકશો. ફો. પ્રીતી ન્યુટ્રિશિયન - '૭૫૦૬૨૧૪૩૩૬.'

3/1/1(9) -------- (B-8775)(8-4)

**શું તમારા "ACCOUNTS" હજી પણ UPDATED નથી?**

શું તમારા I. TAX / VAT / ROC ના RETURNS FILE નથી થયા? NO PROBLEM, ACCOUNTS ના દરેક પ્રકારના કાર્ય માટે એકજ નામ "ONTIME SOLUTIONS". અમારી વિશેષતાઓ :-

● COMPUTERISED ACCOUNTS WRITING TILL FINALISATION / INTERNAL ACCOUNTS SUPERVISION.

● BANK LOAN / OD FACILITY / PROJECT REPORT ETC.

● તમારી ઓફિસે આવીને પણ ACCOUNTS WRITING કરી આપવામાં આવશે.

● સંપૂર્ણ મુંબઇ, થાણા તથા વાપી સુધી સેવા ઉપલબ્ધ.

● સં. "ONTIME SOLUTIONS PVT. LTD.", મુલુંડ (વે.). 25900006 / 08. www.ontime.co.in

2/1/1(3) ---------- (B-8689)(8-5)

**પેનડ્રાઇવ, મેમરીકાર્ડ, પેનડ્રાઇવ 4GB, 8GB, 16GB, 32GB માં મળશે**

રાજમુદ્રા પ્રસ્તુત, જાણીતા ૬૦૦ સ્તવન સંગ્રહ અને શ્રી ભક્તામર સ્તોત્ર સાથે ૫૦૦ સ્તવનો તથા અન્ય ગુજરાતી ગીતોનો ખજાનો. ઝલક જોવા સંપર્ક - Events : રાજમુદ્રા - ૯૨૨૪૩૩૮૪૮૦ (ટા. ૧૧ થી ૬) હોમ ડીલીવરી.

3/1/1(21) -------- (B-8844)(8-6)




**અમારી સૌની લાડલી 'ખુશી'એ પરિવારમાં આનંદની લ્હેરખી પ્રસરાવી છે...!**

અ.સૌ. ખુશીએ Clinical Psychologist, counselor, WISE (Smart Edutainment) લર્નિંગ ઇન્સ્ટીટ્યુટ અને હવે Professional Jolly Phonics Trainer, UK સર્ટીફાઇડ ટ્રેનર થવા બદલ લાખ-લાખ અભિનંદન અને ઉજ્જવળ ભાવિ માટે ખૂબખૂબ શુભકામનાઓ....!

**અ.સૌ. ખુશી લોકેશ સાવલા**

Professional Jolly Phonics Trainer, UK
7th trainer from Mumbai

- Running a learning institute 'WISE' (Smart Edutainment) since last 11 years.
- Has conducted several workshops on Jolly Phonics for parents, teachers, International schools and preschools.
- Has trained more than 1000 trainees till date.
- Concept Developer and manufacturer of Phonics Games and Flashcards

WISE (Smart Edutainment)
Khooshi Savla (Clinical Psychologist)

Upcoming Jolly Phonics Training
Ghatkopar 3rd & 4th Dec
Hyderabad 10th & 11th Dec
Baroda 17th & 18th Dec
Kandivali 24th & 25th Dec
Worli 7th & 8th Jan
Pune 14th & 15th Jan
for details: 8976514108

(C-104749)

(આનંદની અનુભૂતિ અભિવ્યક્ત કરી આશિષવર્ષા વરસાવતા પરિવારજનો)

**અ.સૌ. પ્રતિભા કલ્યાણજી સાવલા 'ઊર્મિલ' પરિવાર (લાયજા)**

**અ.સૌ. વિજયા મનસુખ પ્રેમજી દેઢિયા પરિવાર (દેશલપુર)**

## શ્રી વિઢ દેરાવાસી જૈન મહાજન

ઓ. સોફ્ટ કોન સર્વિસીઝ, ૩૦૭, જેસ્ટ બીઝનેસ સ્પેસ, દોશી નરસીંગ હોમની બાજુમાં, એમ.જી.રોડ, ઘાટકોપર (ઇ.), મુંબઈ-૪૦૦૦૭૭ ટે.નં. ૨૫૦૮૫૩૦૦

### મહાજનની કારોબારી સમિતિનુ ચુંટણીનું પરિણામ

સા. ૨૦૭૩ થી ૨૦૭૫ ની દિવાળી સુધી ૩ વર્ષની કારોબારી સમિતિની ચુંટણીમાં નીચેના સભ્યોને બિન હરીફ ચુંટાયેલા જાહેર કરવામાં આવેલ છે.

**:: પ્રમુખ ::**

**(૧) રમણીકલાલ ચનાભાઇ ટોકરશી ગોસર**

**:: ટ્રસ્ટીઓ ::**

**(૧) ધનવંતીબેન દીલીપ લખમશી નાગડા**

**ઉપપ્રમુખ તથા મેનેજીંગ ટ્રસ્ટી**

**(૨) ભાઇલાલ કુંવરજી ટોકરશી ગોસર**

**(૩) અશ્વિન ટોકરશી પ્રેમજી નાગડા**

**(૪) જયોતિન્દ્ર વશનજી ટોકરશી શાહ**

**(૫) જયંતીલાલ નાગજી માણેક નાગડા**

**:: માનદ્ મંત્રીઓ ::**

**(૧) મણીલાલ ચનાભાઇ ટોકરશી ગોસર**

**(૨) જયંતીલાલ પ્રેમજી વલ્લભજી નાગડા**

**:: ખજાનચી ::**

**(૧) કીરીટ ચુનીલાલ પ્રેમજી નાગડા**

**કારોબારી સભ્યો કો. ઓપ્ટ સાથે**

**(૧) જયેશ આણંદજી ખીમજી નાગડા**

**(૨) મહેન્દ્ર ખીમજી કેશવજી નાગડા**

**(૩) દીલીપ હીરજી માવજી નાગડા**

**(૪) ભવાનજી પ્રેમજી મોમાયા સંગોઇ**

**(૫) હીરેન પ્રેમજી કલ્યાણજી ગોસર**

**(૬) વિપુલ ભવાનજી ચનાભાઇ નાગડા**

(B-3191)

**ઉપરોક્ત કારોબારીને ચુંટણી અધિકારીની સત્તાની રૂએ ચુંટાયેલા જાહેર કરું છું**
**લિ. નાગજી જેઠાભાઇ ગોસર**
**ચુંટણી અધિકારી**

તા.ક. : તા. ૨૭-૧૧-૧૬ના મળેલ નવી કારોબારી સમિતિએ કારોબારીના સલાહકાર તરીકે શ્રી કંચનલાલ વલ્લભજી નાગડાની નિમણુંક કરેલ છે. ગામના ભાઇ-બહેનોને નવી કારોબારીને એમના કાર્યમાં સહકાર આપવા વિનંતી. જય જિનેન્દ્ર. પ્રમુખશ્રી

## શ્રી માલણમાતા ભાવિક સંઘ મેરાઉ (કચ્છ) ૨૧મી સમૂહ પહેડી આભાર-ક્ષમા-અપેક્ષા

હેણીયા તથા હરણીયા નુખની કુળદેવી શ્રી માલણમાતાજીની ૨૧મી સમુહ પહેડી ભાવિકો તથા નિયાણી દીકરીઓના સાથ સહકારથી તા. ૨૭-૧૧-૧૬ના રોજ આનંદ, ઉત્સાહ અને ભકિતભાવથી ઉલ્લાસભેર સંપન્ન થઈ. અમો આભારી છીએ.

- પહેડીના મહાદાતા તરીકેનો લાભ લેનાર માતુશ્રી રૂપાબેન ખેતશી નથુ હરણીયા હ.રડીયાતબેન પાનાચંદ ખેતશી હરણીયા ગામ કાનાલુસ (મુલુંડ) પરિવારનો.
- ભક્તિ ગીતોથી સૌને જકડી રાખનાર શ્રી મનોજ કારાણી (ગામ-ખારૂઆ) તથા સાથી કલાકારોનો.
- મહાપ્રસાદ પીરસનાર સુવિધિ કેટરર્સ (ભીવંડી)ના રમણીકભાઈનો.
- પૂ. માની ભક્તિભાવથી પૂજા કરાવનાર ગોર શ્રી મહેશ મહારાજ - ચીંચપોકલીનો.
- પહેડીની ક્ષણોની વિડીયોગ્રાફી કરનાર શ્રી હેમંત હરણીયા (મુલુંડ)નો.
- શ્રી હાલારી વાડીના ટ્રસ્ટીગણ, ડેકોરેટર્સ તથા સ્ટાફનો.
- પહેડીને સફળ બનાવનાર કાર્યકર્તા તેમજ નામી-અનામી સૌનો.
- પૂ. મા ના નૂતન મંદિરના નિર્માણ માટે હરહંમેશ તન, મન, ધનથી સાથ સહકાર આપનાર ગામ નવાગામ (મુલુંડ)ના માતુશ્રી જયાબેન મોહનલાલ હરણીયા પરિવાર (મે. રાજલક્ષ્મી કન્સ્ટ્રકશન ગ્રુપ)નો.
- પહેડી દરમ્યાન અમારાથી ભૂલચૂક/ક્ષતિ થયેલ હોય તો તે બદલ ક્ષમા તેમજ ભવિષ્યમાં આવો જ સાથ સહકાર મળતો રહે એવી અપેક્ષા. લી. મંત્રીઓ.

3/1/1(BX-3) -------- (A-9445)(9-1)

### મુન્દ્રાના હાડવૈદ્ય હાસીમ ખત્રીનો કેમ્પ મલાડમાં ૪/૧૨/૧૬ રવિવાર

મલાડ કચ્છી જૈન ફાઉન્ડેશન યોજીત કેમ્પમાં હાડકાનાં દર્દો જેવા કે-સાયટીકા, સ્પોન્ડીલાયટીસ ફ્રોજન સોલ્ડર્સ, ઘૂટણ તથા એડીનો દુઃખાવો, કમર-મણકાનું તથા સાંધાનું પકડાઇ જવુ, નસનું ખેંચાઇ જવુ, હાડકાનું ડીસલોકેશન થવુ, વગેરેની સારવાર આપવામાં આવશે. દર્દીઓએ સમય નક્કી કરવા ફોન નંબર - ૯૭૬૯૪૦૫૦૨૩ મંજુલાબેન દેઢિયા (ગુંદાલા). વધારે માર્ગદર્શન માટે ભવાનજીભાઈ છેડા (ભચાઉ) ૯૮૨૦૪૪૫૯૩૭ કેમ્પનું એડ્રેસ : ઉત્સવ હોલ, ગણપતી ભૂવન, રાયપાડા, શનિમંદીરની સામે, ન્યૂએરા ટોકીઝની ગલીમાં, ઈમીટેશન માર્કેટ, મલાડ (વેસ્ટ). લી. મંત્રીઓ.

7/1/1(38) --------- (A-9449)(9-2)

### શ્રી પત્રી ઓતરા ફરીયાના શ્રી સચ્ચા માતાજીને નમતા ભાવિકો તથા કરભાઈઓ જોગ

સહર્ષ જણાવવાનું કે આપણા ઉપર જેમની અસીમ કૃપા દ્રષ્ટિ વરસી રહેલ છે એવા પૂજનીય શ્રી સચ્ચા માતાજીની પહેડી રવિવાર, તા. ૮/૧/૨૦૧૭ના શુભ દિવસે નીરધારેલ છે. આ પહેડીના લાભો માટેનો 'ડ્રો' તા. ૪/૧૨/૨૦૧૬ના બપોરે ૩ થી ૫ કલાકે શ્રી ચંદ્રકાંત કરસન લધુ હોલ, બીજે માળે રાખવામાં આવેલ છે. (આનાફોડ માટે કોઈ રકમ ઉઘરાવવામાં આવશે નહીં) ચા-નાસ્તાની વ્યવસ્થા રાખેલ છે. લી. કમીટી.

7/1/1(39) --------- (A-9451)(9-3)

સમાજના સર્વાંગી વિકાસ માટે સતત કાર્યરત

## શ્રી કચ્છી વિશા ઓશવાળ સેવા સમાજ

શ્રી ક.વિ.ઓ. દેરાવાસી જૈન મહાજનવાડી, ૩જે માળે, ૯૯-૧૦૧, કેશવજી નાયક રોડ, મુંબઈ-૯.
ફોન : ૨૩૭૧૪૬૭૪, ૨૩૭૭૩૦૩૨, ૨૩૭૧૫૦૫૦, ૨૩૭૧૫૧૫૧
E-mail : ksevasamaj@gmail.com - Website : www.kvoss.org

# લગ્નોમાં સર્જીકલ સ્ટ્રાઈકનો ઉપાય

શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ દ્વારા અત્યારની સાંપ્રત પરિસ્થિતિને અનુસરીને ભપકાદાર લગ્નો અને ખોટા ખર્ચને ત્યજી વ્યવહારકુશળ અને વ્યાપર કુશળ વાણીયાની જેમ જ્ઞાતિજનો માટે વૈદકીય પરંપરાને અનુસરી સાજન અને માજનના માન મરતબાને ધ્યાનમાં રાખી નવ દંપત્તિઓના સ્પંદનો સાચવી....

## સન્માન સમૂહ લગ્નોનું આયોજન

**ઘાટકોપરના ઓપન સોમૈયા ગ્રાઉન્ડ ખાતે તા. ૧૯મી ફેબ્રુઆરી ૨૦૧૭, રવિવારના દિવસે ૧૫ સમૂહ લગ્નોનું આયોજન કરવામાં આવેલ છે.**

આપના વ્હાલસોયાઓના નામ આજે જ સેવા સમાજ કાર્યાલય ખાતે નોંધાવી નચિંત બનો.

હર્ષ અને ઉલ્લાસ સાથે યોજાતા લગ્નોમાં જોડાઇ ત્રીજી આંખના સંતાપથી દુર રહી સામાજિક ક્રાંતિમાં આપનું યોગદાન આપવા વિનમ્ર અનુરોધ.

**શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ પરિવાર**

(B-3197)

# પુનડી

## મંગલમય અવસર

**શ્રી આઠ કોટી નાની પક્ષ જૈન સ્થાનકમાં તા. ૧૫/૧૨/૨૦૧૬ થી ૫/૧/૨૦૧૭ સુધી પૂજ્ય મહાસતીજી દેવકીબાઈ સ્વામી, પૂજ્ય મહાસતીજી હંસાબાઈ સ્વામી, પૂજ્ય મહાસતીજી સ્મિતાબાઈ સ્વામી** આદી ઠાણા-૩ આપણા ગામમાં પધારવાના ભાવ છે. ગામનાં દરેક ભાઈ-બહેનોને ખાસ વિનંતી છે કે આ સમય દરમ્યાન ગામમાં બહોળી સંખ્યામાં પધારી ધર્મકરણીનો લાભ મેળવે.

